# Day to Day Current Affairs

૨૮ સપ્ટેમ્બર ૨૦૧૫

## ૧. શહિદ ભગતસિંહનો આજે જન્મદિવસ :

- ભગતસિંહનો જન્મ 28 સપ્ટેમ્બર 1907ના રોજ અખંડ હિન્દુસ્તાનમાં થયો હતો.

- તેમના જન્મનું બાંગી ગામ આજે પાકિસ્તાનમાં ફેસલાબાદ જિલ્લામાં છે.

- ગયા વર્ષે પાકિસ્તાન સરકારે જાહેરાત કરી હતી કે એ ગામને હેરીટેજ ગણીને તેની જાળવણી કરાશે.

- માત્ર 23 વર્ષની ઉંમરે 23 માર્ચ 1931ના રોજ તેમને ફાંસી અપાઇ હતી.

## ૨. લતા મંગેશકરનો આજે જન્મદિવસ :

- કોકીલ કંઠ ધરાવતા ભારત રત્ન લતા મંગેશકરનો આજે 86મો જન્મદિવસ છે.

- તેમનો જન્મ 28 સપ્ટેમ્બર 1929ના રોજ મધ્યપ્રદેશના ઇન્દોરમાં થયો હતો.

- તેમણે 13 વર્ષની ઉંમરે પ્રથમ વખત 1942માં મરાઠી ગીત ગાયું હતું.

- હિન્દી ફિલ્મોમાં એન્ટ્રી તેમણે 1947માં ફિલ્મ 'આપકી સેવા' થી કરી હતી.

## 3. સૈયદ એહમદ :

- મણીપુરના રાજ્યપાલ ડૉક્ટર સૈયદ એહમદનું તા 27-9-15 ના રોજ નિધન થયું.

- તેમણે 16 મે 2015 ના રોજ મણિપુરના રાજ્યપાલ પદે શપથ લીધા હતા, એ પહેલા તેઓ ઝારખંડના રાજ્યપાલ હતાં.

## ૪. ગુજરાતમાં પ્રવાસનને ઉધોગનો દરજ્જો :

- ગુજરતના પ્રવાસનમંત્રી સૌરભ પટેલ નવી ટુરીઝમ પોલીસીની જાહેરાત કરતાં જણાવ્યું કે પ્રવાસનને હવે ઉધોગનો દરજ્જો આપવામાં આવ્યો છે.

- આ પોલીસી ગુજરાત સરકારમાં જ્યારે જય નારાયણ વ્યાસ પ્રવાસનમંત્રી હતાં. ત્યારે બનાવાઇ હતી.

- હાલમાં ગુજરાત ડોમેસ્ટીક દેશમાં આઠમાં ક્રમે છે. જેને પાંચ ક્રમે પહોચાડવાનો સરકારનો લક્ષ્ય છે. જ્યારે આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે સોળમુ સ્થાન ધરાવે છે.

- નવી નીતિ પર એક નજર : નવા સ્થપનરા ટુરીઝમ યુનિટને પાંચ વર્ષ સુધી લકઝરી ટેક્ષ, મનોરંજન કર, વીજ કર અને સ્ટેમ ડ્યુટિમાંથી 100% મુકતી.

- હાલમાં ઉધોગનો દરજ્જો આપવાથી વીજ કર અગાઉ કોમર્સીયલ ગણીને 25% વસુલાતો હતો જે હવે 10 થી 15 % થય જશે.

- ટુરિસ્ટ ગાઇડને નિયમિત રૂપે માસિક સ્ટાઇપેન્ડ મળશે.

- પ્રવાસનને કેપીટલ સબસીડી અપાશે જેમાં 50 કરોડ સુધીનું રોકાણ હશે. તેવા ઉધોગને 15 % સબસીડી પરંતું મહતમ 10 લાખ અપાશે.

- તેમજ 75 કરોડથી વધુ રોકાણ ધરાવતા અને 150 થી વધુ લોકોને રોજગારી આપતા પ્રોજેક્ટ્ને મેગા ટુરિઝમ પ્રોજેકટનો દરજ્જો આપી મહતમ 20 કરોડ સુધીની સબસિડી તેમજ મનોરંજન કર અને લકજરી ટેક્સમાંથી 7 વર્ષ સુધી મુક્તિ આપવામાં આવશે.

- વધારના લાભ તરીકે ગાંધીનગર કે તેના 20 કિ.મી.ની ત્રિજ્યામાં આવનારા નવા ટુરિજમ યુનિટને વધુ 5 ટકા સબસિડી આપવામાં આવશે.

- તેમજ મહિલાઓ, અનુ. જાતિ અને અનુ.જનજાતી દ્વારા જો યુનિટ સ્થપાય તો તેઓને પણ વધારાની 5% સબસિડી આપવામાં આવશે.

## 5. વડાપ્રાધાન અમેરિકા પ્રાવસ :

- વડાપ્રાધાન શ્રી નરેન્દ્ર મોદીના અમેરિકા પ્રવાસ દરમિયાન તેમણે ફેસબુક તેમજ ગુગલના હેડક્વાટર્સની મુલાકાત લીધી.

Vivekanand Academy, Gandhinagar

- મોદી ફેસબુક કેમ્પસના મેહમાન બન્યા હોય તેવા કોઈ દેશના પ્રથમ વડાપ્રધાન છે.

- અમેરિકમાં સિલિકોન વેલી ખાતે મોદીએ આઈટી ક્ષેત્રની ટોપ કંપનીઓના સીઈઓ સાથે ડિનર બેઠક યોજી હતી.

- આ બેઠકમાં કંપનીએના સીઈઓએ ડિજિટલ ઈન્ડિયાના સમર્થનમાં નીચે મુજબ જાહેરાત કરી.

૧. કંપની : ગુગલ

સીઇઓ : સુંદર પિચાઇ

જાહેરાત : ગુગલ ભારતના 500 રેલવે સ્ટેશનોને વાઇ ફાઇ થી સજ્જ કરવા મદદ કરશે.

૨. કંપની : માઇક્રોસોફ્ટ

સીઈઓ : સત્ય નાદેલા

જાહેરાત : માઇક્રોસોફ્ટ ભારતના 5 લાખ ગામોમાં ઓછા ખર્ચે બ્રોડબેન્ડ પહોચાડી સસ્તુ ઇન્ટરનેટ પહોચાડવાની યોજનામાં મદદ કરશે.

૩. કંપની : ક્વૉલકમ

સીઇઓ : પોલ જેકબ્સ

જાહેરાત : કંપની ભારતમાં 10 અબજ ડોલરનું રોકાણ કરશે. તેમજ પ્રોડક્ટ ઇનોવેશન માટેના ડીઝાઇન હાઉસ ભારતમાં સ્થાપીત કરશે.

૪. કંપની : એપલ

સીઇઓ : ટીમ કુક

જાહેરાત : એપલા ભારતમાં ઉત્પાદન કેન્દ્ર સ્થાપિત કરશે.

વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ ટીમ કુકને ભારતમાં રોકાણ કરવા આમંત્રણ આપ્યું હતું.

## ૬. ફ્રેન્ક ટાયરસન : બ્રિટન ક્રિકેટર

- ઇગ્લેન્ડના જાણીતા બોલર ફ્રેન્ક ટાયરસનું 85 વર્ષની વયે તા.27-09-15 ના રોજ અવસાન.

- તેઓ 'ટાયકુન'ના હુલમણા નામથી જાણીતા હતાં.

- તેઓએ 1954-1959 દરમિયાન ઇંગ્લેન્ડ તરફથી 17 ટેસ્ટ રમી હતી અને ઇજાના કારણે માત્ર 30 વર્ષની વયે જ નિવૃતી લીધી હતી.

## ૭. પેન પેસેફિક ઓપન ચેમ્પિયનશીપ : ટેનિસ

- વિજેતા : એગ્નિસઝકા રાડવાન્સ્કા (પોલેન્ડ)

- હરીફ : બેલિન્ડા બેનકિક (સ્વિઝર્લેન્ડ)

## ૮. આઇબીએસએફ વર્લ્ડ બિલિયડર્સ ચેમ્પિયનશીપ:

- વિજેતા : પંકજ અડવાણી (બેંગ્લોર ભારત)

- હરીફ : પીટર ગીલક્રિસ્ટ (સિંગાપોર)

- આ સાથે અડવાણી 14મું બિલિયડર્સ ટાઇટલ જીત્યો.

## ૯. અનિલ ખન્ના :

- તાજેતરમાં અનિલ ખન્નાની ઇન્ટરનેશનલ ટેનિસ ફેડરેશન (આઈટીએફ)ના ઉપધ્યાક્ષ પદે નિયુક્તિ થઇ.

- અનિલ અધ્યક્ષની ચુટણીમાં અમેરિકાના ડેવિડે હાર્ગેટી સામે હારી જતા ઉપાધ્યક્ષ બન્યા હતા.

- હાર્ગેટી હવે 16 વર્ષથી આઇટીએફના અધ્યક્ષ પદે રહેલા ફ્રાન્સિસ્કો રિકી વિટ્ટીનું સ્થાન લેશે.

- અનિલ ખન્ના અખિલ ભારતીય ટેનિસ ફેડરેશ (એઆઇટીએફ)ના અધ્યક્ષ છે.

## ૧૦. તાઇવાન એટીપી ચેલેન્જર ટુર્નામેન્ટ : ટેનિસ

- વિજેતા : હિયોન ચુંગ (કોરીયા)

- હરીફ : યુકી બાંભરી (ભારત)

Vivekanand Academy, Gandhinagar